email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

## અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા યુવાનોના પરિવર્તનનો પહેલો અધ્યાય રચાયો...

અખિલ ગુજરાત લોહાણા સમાજની 'થિન્ક ટેન્ક' નવા – નવા આઈડિયાઝ લઈને આવે છે અને તેમાં પણ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઠક્કર તો સદૈવ ચેતનાથી ભર્યા – ભર્યા. હરપળે નવું વિચારે... કેમ કરીને સમાજને જાગૃત કરવો? લોહાણા સમાજમાં નવી ચેતના આવે... સમાજ એક બને. પોતાના અસ્તિત્વને જાણે... પહેચાને... એની ગરિમા વિસ્તૃત બને. રક્તગત સંબંધો પાછા જોડાય... વધુ વ્યાપક બને એ માટે એ મથ્યા જ કરે. એમને જે કંડારવું છે તે કંઈક આવું છે :

'સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં;
મેરી કોશિશ હૈ કિ કુછ બદલના ચાહિયે
મેરે સીને મેં નહીં તો તેરે સીને મેં હી સહી
કહીં ભી હો એક આગ ચલની ચાહિયે...'

ને આ ખ્યાલને સાકાર કરવા અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા અનેક કાર્યક્રમો થયા છે. એવો જ એક આગવો કાર્યક્રમ થયો 'યુવા વ્યક્તિત્વ શિબિર'.

અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રીશ્રીઓ શ્રી ભગવાનદાસ ઠક્કર 'બંધુ', શ્રી મુકેશભાઈ ઠક્કર, યુવા પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલા, કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા વગેરેએ આ 'વિઝન'ને મિશનની જેમ ઉપાડી લીધું. પ્રોજેક્ટ ચેરમેન શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સમગ્ર કાર્યક્રમને સર્જનાત્મક રૂપ આપ્યું. લોહાણા વિઝન એન્ડ મિશનના તંત્રીશ્રી રમેશભાઈ તન્ના અને કોમ્પ્યુટરના નિષ્ણાંત કીર્તિભાઈ ઠક્કર તથા યુવા સમિતિ – મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કર વગેરેએ સર્વે મળીને કાર્યક્રમને આગવી ઊંચાઈ આપી. આ કાર્યક્રમને માણ્યો. તેના ભાવક તરીકે માણેલા રસને શબ્દ દ્વારા સમાજ સુધી પહોંચાડવાનો ઉપક્રમ છે.

આંખમાં ઊભરાતાં સ્વપ્નો, સાથે ગુજરાતભરમાંથી ઉમટી પડેલા યુવાન અને યુવતીઓ સવારે ચા–નાસ્તા સાથે એકબીજા સાથે પરિચયનો તાર જોડતાં હતા... મોટાભાગના લર્નેડ હતા. તેમની પોતાની પાસે પણ પોતાના ખ્યાલ હતા. જોકે સમગ્ર શિબિરને વ્યક્તિત્ત્વથી પ્રતિભા તરફ નામાભિધાન થયું હતું. જે સતુત્ય હતું. શ્રી હિમાંશુભાઈની વિષય પસંદગી દાદ માગી લે તેવી છે.

પ્રથમ સત્રના પ્રવક્તા લેખક / તંત્રીશ્રી રમેશભાઈ તન્નાએ કાર્યક્રમની સુંદર ભૂમિકા બાંધી આપી. યુવાનને ગતિ સાથે સાચી દિશામાં જોડવા માટે આ શિબિર છે, તેવું જણાવી તેમણે યુવાનોના જોશ અને જુસ્સાને બીરદાવ્યો.

આ પ્રસંગે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે શિબિર પાછળની ભાવના સમજાવતાં કહ્યું કે, 'યુવાન આવતીકાલના સમાજનો સ્થંભ છે. અમે ૨૫૦ યુવાનોને તૈયાર કરવા જઈ રહ્યા છીએ. ગુજરાતના ૪૫૦ મહાજનના પ્રમુખ રિટાયર્ડ થાય પછી એને સારો પ્રમુખ અને સારી ટીમ મળવી જોઈએ. પ્રમુખ હસતાં – હસતાં જાય. લીડર નીડર બને એ ભાવના તેમણે વ્યક્ત કરી.'

અખિલ ગુજરાત લોહાણા સમાજની યુવા પાંખના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલાએ યુવાનોના પરિવર્તનની પ્રક્રિયાને આવકારતાં યુવા શિબિર માટે થયેલ કાર્યની ઝાંકી કરાવી હતી. જીવનને સાર્થક કરવા માટે – કાર્ય કરવાની અપીલ કરતાં સેવા વગરનું જીવન અને દિવસ કેલેન્ડરના ફાટી ગયેલા પાના જેવો છે, તેવું જણાવ્યું, પરિવર્તનની વાતને કાવ્યાત્મક રીતે રજૂ કરી.

'રાત નહીં દિન બદલતા હૈ
મંઝિલ નહીં કારવાઁ બદલતા હૈ

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફકત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃતિઓની માહીતી ઘેરબેઠા મેળવો.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

ઝઝબા રખો દિલ મેં પૂરી તરહ
કિસ્મત બદલે ન બદલે
વક્ત જરૂર બદલતા હૈ...'

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા લોહાણા મિલનના પ્રમુખ અને લોહાણા મહાપરિષદના આગામી પ્રમુખ તરીકે સર્વાનુમતે નિયુક્ત થયેલા શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતુ કે, 'શ્રી ઉમંગભાઈએ અખિલ ગુજરાત લોહાણા સમાજનું પ્રમુખ પદ સંભાળ્યા પછી યુવાનોને નેતૃત્વ આપવાનો આ પ્રથમ પ્રયાસ થયો છે. શ્રી ઉમંગભાઈનું વિઝન હતુ અને મિશન શ્રી મુકેશભાઈનું. આજનો યુગ નવયુવાનોનો છે. યુવાનોને નેતૃત્વ સોંપવાનો છે.'

શિવાનંદ આશ્રમ અમદાવાદના સ્વામી અધ્યાત્માનંદજીએ સમારોહનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે લોહાણા મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભૂપતાણી તથા અન્ય મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી અધ્યાત્માનંદજીનો પરિચય શ્રી રમેશભાઈ તન્નાએ આપ્યો હતો. સૌથી વધારે વખત રક્તદાન કરનાર સ્વામી અધ્યાત્માનંદજી કર્મશીલ અને સમાજની ચિંતા કરનારા સમાજ સાથે નિસ્બત રાખનાર ઉત્તમ વક્તા છે. તેઓ પ્રકાશની દિશા તરફ આપણને દોરી જશે એવા ભાવ સાથે અધ્યાત્માનંદજીને તેમણે પ્રસ્તુત કર્યા હતા.

સ્વામી અધ્યાત્માનંદજીએ ઘેરી ઘૂંટાયેલી વાણીમાં સર્વપ્રથમ લોહાણા સમાજ સાથેનો તેમને ઉછેરગત સંબંધ કણ્વ અને શકુંતલાના ઉદાહરણ દ્વારા પ્રગટ કર્યો હતો. લોહાણા પરિવારના શ્રી જગમોહનભાઈ અને શ્રી માધવજીભાઈ તન્નાની સ્મૃતિ સાથે તેમણે યુવાનોને આહ્‌વાન કરતાં ત્રણવાર 'સ્ટ્રગલ' શબ્દનો બુલંદ રીતે ઉચ્ચાર કરી 'સંઘર્ષ'ના ધ્યેય મંત્રનું યુવાનોના ચિત્તમાં આરોપણ કર્યુ હતુ સંઘર્ષ જીવન છે, સ્થગિતતા મોત છે. રઘુવંશીની તેમની સમજ પ્રમાણે – ઉદારતા, પરોપકાર, અહંનુ વિસર્જન, સર્વસ્વ સમર્પણ કરી નાખે તે રઘુવંશી સરળ સહજ બનો. તેમણે લોહાણા સમાજમાં સ્ત્રીઓના આપઘાતના પ્રમાણની ચિંતા વ્યક્ત કરી સ્ત્રીઓને વધુ સન્માનિત કરવા કહ્યું. તમે વ્યક્તિ નથી, તમે સમાજ છો. તમે બોલો છો ત્યારે તમારો પરિવાર, સમાજ, ઘર, રાષ્ટ્ર બધુ જ તમારી પાછળ ઉભુ છે. કમીટમેન્ટ, ટાઈમટેબલ, લક્ષ્ય વગેરે વિષે તેમણે વાત કરી હતી. હંમેશા ફીલ કરો હું યુવાન છું. ટોટલ કમીટમેન્ટ, ટોટલ ડીવોશન. જેના જીવનમાં ટ્રાન્સપરન્સી નથી, દંભ છે. છળ છે, કપટ છે. તે રઘુવંશી નથી. જલારામબાપા વ્યક્તિ નથી, ચારિત્ર્ય છે, તેમણે ચર્ચેલા અનેક મુદ્દા ઉલ્લેખનીય છે.

જેમણે પોતાની આગવી શક્તિનું સંક્રમણ કરી અનેકના જીવનને શિખર પર પહોંચાડ્યા છે તેવા ડૉ.જિતેન્દ્ર અઢીયાએ રસપ્રદ શૈલીમાં બધાને મુગ્ધ બનાવી દીધા હતા. તેમણે મનની વિપુલ શક્તિઓનાં અનેક ઉદાહરણો આપી અંતર્મન અને બાહ્યમનના કાર્યોનું વિસ્તૃત નિરૂપણ કર્યુ હતુ. મન વિષે બધા જાણે છે અને છતાં કાંઈ નથી જાણતા તેવી મનની અજ્ઞાત શક્તિઓ દ્વારા માણસ ઈચ્છે તે પ્રાપ્ત કરી શકે છે. તેમણે InnerJourney અંદરની મુસાફરી કરીને મન સુધી પહોંચવા માટેનો નકશો દોરી આપ્યો. મન અલ્લાઉદ્દીનનો જીન છે. શક્તિનો ભંડાર છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કરે જણાવ્યું કે, સમાજને શ્રેષ્ઠ બનાવવા માટે આ આખો ઉપક્રમ રચાયો છે. તેમણે જણાવ્યું કે, અમારે યુવા બ્રિગેડ કરવી છે. તેમણે સંગઠન અંગે જણાવ્યું કે, અમારા કાર્યક્રમો જ સંગઠન છે. આઈ.ટી. કમિટીના અધ્યક્ષશ્રી કીર્તિભાઈ ઠક્કરને મંચ ઉપર આમંત્રિત કરી ઓનલાઈન પરિક્ષા અંગે માહિતી આપવા જણાવ્યુ હતુ અને શ્રી કીર્તિભાઈએ માહિતી આપતા 'કોમ્પ્યુટર : કેળવણી અને જાળવણી' પુસ્તકને સિલેબસ તરીકે લઈને ઓનલાઈન પરિક્ષા અંગેની માહિતી આપી હતી. તેમણે વરસી પડેલા વક્તાઓને બીરદાવતાં શ્રી કનુભાઈ આચાર્યનો શેર કહ્યો હતો–

' જમાનાને તમારી ઝિંદાદિલીની ખાતરી મળી ગઈ;
હતી પ્યાસ ઝરણની ને નદી આખી મળી ગઈ.'

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

'પગદંડીથી રાજમાર્ગ સુધી' વિષય ઉપર શ્રી હિમાદ્રી સિંહાએ રસપ્રદ શૈલીમાં યુવાનોની સફળતાના વિવિધ ઉપાયો જણાવ્યા હતા. તેમણે ધ્યેય, કિંમત અને કિંમત ચૂકવોએ ત્રણ પગથિયાંની તબક્કાવાર રજૂઆત દ્વારા રાજમાર્ગ સુધીનો પથ કંડારી આપ્યો હતો.

ભોજન વિરામમાં શ્રી ઉમંગભાઇ ઠક્કર, શ્રી મુકેશભાઇ ઠક્કર અને શ્રી જીજ્ઞેશભાઇ ભજીયાવાલા યુવાનોને મળીને તેમની પ્રસન્નતાને ઝીલી રહ્યા હતા. પતંગ જેટલી ઊંચાઇ ધરાવતા શ્રી ઉમંગભાઇ ઠક્કર સહજ, સરળ અને નિખાલસભાવે યુવાન બની જઈ યુવાનોને ભેટતા હતા; એ દૃશ્ય વિરલ હતું.

લેખક શ્રી જય વસાવડાએ પોતાની આગવી શૈલીથી યુવાનોના દિલના તાર ઝંકૃત કરી નાખ્યા હતા. યુવાનોના દિલને સ્પર્શતી સાવ સહજ સરળ વાત ક્રિકેટથી શરૂ કરીને આખી વાતને રૂપક દ્વારા એક ઊંચાઇ બક્ષી હતી. તેમણે મેરીટોક્રેસી ઉપર ભાર મૂક્યો. પ્રસિદ્ધ કરાટે ચેમ્પીયન બ્રુસલીના રિયાઝ વિષે ઉદાહરણ આપી સખત પરિશ્રમ માટે યુવાનોને આહ્‌વાન કર્યું. તેમની વાણી દ્વારા તેમણે બધાને મંત્રમુગ્ધ બનાવી દીધા.

એ પછી સુ.શ્રી અંજલી જોષીએ પણ રસપ્રદ રીતે યુવાનોને અનેક ઉદાહરણો અને શેર શાયરી દ્વારા મુગ્ધ બનાવ્યા. યુવાનોની જોશીલી તાળીઓ અને ઊભા થઇને બધાને સન્માન આપવાની રીતથી પ્રભાવિત થઇ ગયેલ. અંજલીબહેને કોમેન્ટ કરી કે, હું પરણેલી છું. બાળકો છે પણ યુવાન હોત તો લોહાણા યુવાનને જ પરણત. સાંજે લોહાણા સમાજના ત્રણ અભિનેતાઓ ઓપન યુથ ફોરમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વાભાવિક યુવાનોનું આકર્ષણ સિનેમા અને ક્રિકેટ હોય. યુવાનોએ બે અભિનેતા અને અભિનેત્રીને વિવિધ સવાલો પૂછ્યા. ત્રણેએ વિચક્ષણ બુદ્ધિથી પ્રત્યુતર આપ્યા. દિવ્યાંગ ઠક્કરે કહ્યું કે, મેં એવી ફિલ્મ કરી છે કે જે પરિવાર સાથે જોઈ શકાય.

રાકેશ પુજારાએ કહ્યુ કે, 'હું દર્દી છું, ડૉક્ટર નહીં.' આ વાક્ય દ્વારા પોતે યુવાનોને ઉપદેશ આપવા નહીં; પણ સ્વયં યુવાન બનીને શીખવા આવેલ છે. તેવા સૂચિતાર્થ દ્વારા યુવાનોના હૈયા સાથે પોતાના તાર જોડ્યા. તેમણે કહ્યું કે, હું થોડા આગળના ડબ્બે બેઠો છું : તમે પાછળના ડબ્બે છો. આપણે સહયાત્રી છીએ. મારા અનુભવ અને મહેનતને કારણે થોડો આગળ છું પણ આપણે એક સમાન લેવલે છીએ. અભિનેત્રી કોમલ ઠક્કરે પોતાના ઉત્કર્ષ માટે માતા–પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. કચ્છી ભાષામાં કોમલે સુંદર રજૂઆત કરી. વધારે પડતી તાળીઓ પણ મહત્વ ગુમાવી બેસે છે : રાકેશ પુજારાનો આ સંકેત ઘણું બધું કહી જાય છે.

રાત્રે શ્રી ઉમંગભાઇ ઠક્કરને ત્યાં કેમ્પ ફાયરમાં અનેક યુવાન – યુવતીઓ અભિવ્યક્ત થયાં. ડીનરની સાથે સાથે યુવાનોએ હૈયાને મોકળું કરી દીધું.

બીજે દિવસે સવારે શ્રી આનલ ગજ્જર સાથે યોગ અને ધ્યાનમાં બધા જોડાયા. ત્યારબાદ સીમ્સ હોસ્પિટલના ડૉ.વિપુલભાઇ ઠક્કર દ્વારા કાર્ડીયાક મસાજ (સી.પી.આર.) અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. બીજા સત્રમાં ગુજરાત સમાચારના પ્રસિદ્ધ લેખક શ્રી અશોક દવેએ હસતાં – હસતાં જીવનના મર્મને સુંદર રીતે પ્રગટ કરી આપ્યો. યુવાનો સાવ હળવા ફૂલ થઈ ગયા. તેમણે અગાઉ વિવિધ જાતિઓ વિષે લખેલ લેખમાં લોહાણા સમાજ વિષે લખેલા નિરીક્ષણે રજૂ કર્યા. લોહાણા સમાજની સચોટ હૃદયને સ્પર્શી જાય તેવી સુંદર માહિતી આપી. અશોકભાઇએ મુદ્રિત શબ્દ દ્વારા એન્કાઉન્ટર કરેલાં દિલોને પ્રત્યક્ષવાણી દ્વારા વિશેષ ઘાયલ કરી દીધા. ને સ્મિતના રેલા વહ્યા... હજુય કેટલાંક જખમ પંપાળતા હશે. અશોકભાઈ !

બસો ચારસો રૂપિયાની પાણીપુરી ખાઇ જતા ગુજરાતીઓ પુસ્તકો નથી ખરીદતા પણ સોનલ મોદીના પુસ્તકો જથ્થાબંધ વેચાય છે. તેવાં સોનલ મોદી, પ્રારંભે અશોકભાઈને સાંભળીને થોડાં નાહિંમત થયાં. હાસ્યની ઉત્કૃષ્ટ આરોહણ ઉપર વિહરતા શ્રોતાને ગંભીર વિષય ઉપર લઈ આવવો, એ વક્તા માટે પડકાર રૂપ હોય છે પણ સોનલબહેન ધીરે ધીરે બધાને એ ટ્રેક ઉપર લઈ આવ્યાં અને બધાને રસતરબોળ બનાવી દીધા.

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃતિઓની માહીતી ઘેરબેઠા મેળવો.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

જન જાગૃતિ અભિયાનના કર્મશીલ શ્રી અશોકભાઈ દામાણીએ અનેક ઉદાહરણો દ્વારા યુવાનો ભારતનું ભવિષ્ય વિષય ઉપર વિસ્તૃત રજૂઆત કરી. તેમણે વિષયને મૂળથી પકડીને તેને રોચક બનાવ્યો. યુવાનોના તાર રણઝણી ઊઠ્યા.

લોહાણા સમાજનું ગૌરવ શ્રી પરીક્ષિતભાઈ જોબનપુત્રાએ યુવાનની આવતીકાલ અને આવતીકાલ માટેનો યુવાન વિષય ઉપર મુદ્દાસર પ્રેઝન્ટેશન આપ્યું. ઉદાહરણો દ્વારા અનુભવને જોડી સૂક્ષ્મ હાસ્ય દ્વારા તેમણે ભવિષ્યના છ આસ્પેક્ટને સુંદર રીતે પ્રસ્તુત કર્યા. પૌરાણિક ઘટનાઓને સાંપ્રત સાથે જોડી તેમણે તેનું આગવું અર્થઘટન કર્યુ અને તે આજે પણ કેટલું પ્રસ્તુત છે તેવો તેમનો અભિગમ પ્રશંસનીય છે. યુવાનો પ્રભાવિત બન્યા.

અમદાવાદના મેયર શ્રીમતી મિનાક્ષીબહેન પટેલનું આગમન થતાં સૌએ ઊભા થઈને તેમને સન્માનિત કર્યા હતા. યુવાનોના સર્વાંગી વિકાસ માટે આયોજિત વ્યક્તિત્ત્વથી પ્રતિભા તરફ શિબિરથી ખૂબ જ પ્રભાવિત થઈને પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરને તથા તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં. મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા અને દરેક ઉપસ્થિત યુવાનો પાસે સ્વચ્છતા અભિયાન અંગેના સંકલ્પ લેવડાવી તમામ સંકલ્પપત્રો મેયર શ્રીમતી મિનાક્ષીબહેનને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મેનેજમેન્ટ ગુરૂ ડૉ. શૈલેષ ઠાકરે સાવ ધીર – ગંભીર વાણીમાં શરૂ કરેલ વાર્તાલાપ એવો ચરમસીમાએ પહોંચ્યો કે યુવાનો મંત્રમુગ્ધ બન્યા. શ્રી શૈલેષભાઈ અને શ્રી પરીક્ષિતભાઈ જોબનપુત્રાએ કરેલ રજૂઆતને શબ્દસ્થ કરવા જતાં પાનાંનાં પાનાં ભરાય તેમને પ્રત્યક્ષ સાંભળવા એ જ લહાવો છે.

આ પ્રસંગે શ્રીમતી જયાબહેન ઠક્કર, શ્રી બાબુભાઈ રતાણી વગેરે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. રાજેશભાઈ કોટેચા (જામનગર) જેમને રાષ્ટ્રપતિશ્રીએ 'પદ્મશ્રી એવોર્ડ'થી સન્માનિત કર્યા છે. તેમજ સમાજને ગૌરવ અપાવનાર શ્રી જે. ટી. અખાણી કે જેઓને ભારત સરકારે આઈ.એ.એસ.માં નોમિનેટેડ કર્યા તથા શ્રી પ્રભુદાસ ઠક્કર કે જેમને રાષ્ટ્રપતિના હસ્તે પોલીસ મેડલ મળ્યો તે ત્રણેનું સન્માન કરવામાં આવ્યુ હતુ. તેમણે ત્રણેએ સુંદર પ્રતિભાવ વ્યક્તિ કર્યો. બે દિવસના વર્કશોપ દરમ્યાન યુવાનોએ પોતાને થયેલ અનુભવો વ્યક્ત કર્યા. સમાજના મહાનુભાવો સાથે પ્રશ્નોતરી થઈ. સાંજે યુવા પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલા તથા પ્રોજેક્ટ ચેરમેન શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા પ્રમાણપત્ર તથા સંકલ્પપત્રનું વિતરણ થયું. યુવા સમિતિ – મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કરે કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે સુંદર કામગીરી બજાવી.

શ્રી હિમાંશુભાઈ ઠક્કરે 'લો પ્રોફાઈલ' રહી કાર્યક્રમને આગવી શાન બક્ષી. કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા અને શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું સન્માન યથોચિત થયું.

યુથ હંમેશાં ઈમ્પેશન્ટ હોય છે. તેના એસ્પિરેશન્સને સ્ટ્રેટેજિકલી ટચ કરો કે તેમને રેક્ગ્નાઈઝ કરો એટલે તેમનું પ્રચંડ સમર્થન મળે... આપણે ઈચ્છીએ કે અહીં આવેલા યુવાનોનું એવું સમર્થન મળે કે... અખિલ ગુજરાત લોહાણા સમાજનો આ આખો ઉપક્રમ અનેક બીજરૂપે ઊગી નીકળે.

| વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મહામંત્રીશ્રી |
|---|---|---|
| **શ્રી ધનવાનભાઈ કોટક** | **શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર** | **શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'** |
| **શ્રી દિવ્યેશભાઈ રાજદેવ** | | **શ્રી મુકેશભાઈ ઠક્કર** |

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહીતી ઘેરબેઠા મેળવો.